# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૪ • તા.૨૪ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# મુંબઈની અન્ડર-૧૯ ટી-૨૦ ગર્લ્સ ટીમમાં જ્ઞાતિની ટેલેન્ટેડ પેસ બોલર

# પલક ધરમશીનો સમાવેશ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ક્રોધ નામે દાનવ

ક્રોધએ નિર્બળ લોકોનું હથિયાર. સાહસ અને શૂરવીરતા સશક્ત લોકોનો સ્વભાવ છે અશક્ત લાચારને ગુસ્સો આવે. ગાળ ગલોચથી, વાણી પ્રહારથી પોતાની તાકત દર્શાવે પણ શાંત, શાણા અને સમજુ લોકો ધીર ગાંભર્યથી પોતાની બાજુ માંડે છે. તે વાતને સરળતાથી, સમજુતીથી અંત આવી જાય એ પ્રમાણે સામેવાળા સાથે વર્તે છે. નાનું બાળક વાતવાતમાં ગુસ્સે થાય, રિસાઈ જાય કારણકે તેને પોતે ધારેલી ચીજ વસ્તુ મળે એનો આગ્રહ હોય છે. જીદ હોય છે. રિસાઈને પોતાની વાતમાં દમ છે તેવો આગ્રહ હોય છે. માતપિતા સાથે કે વડીલો ભાઈ-બહેનો સાથે બોલવાનું ચાલવાનું બંધ કરી દે. ખાવા પીવાનો ત્યાગ કરી દે. આ જક, પોતાની વાત સામે વાળા માને એ માટે હોય છે. આ રૂસણું ક્યારેક જ કારગત નીવડે, હર વખતે આ વર્તન સામે અચૂક જીત ન મળે. રોતલ, જીદ્દીનું વિશેષણ મળે એ અલગ. બાળક નબળું હોય, નિર્દોષ હોય એ રિસાય એ ચાલે પણ મોટો થઈ આવી જીદે ચડે તો કેવો લાગે?

કેટલીક વખત ક્રોધ જરૂરી હોય છે. ઉગ્ર સ્વભાવ થઈ જાય છે. લાલચોળ થઈ મગજમાં અગનઝાળ વ્યાપી જાય એની આડ અસર મન અને શરીર પર થઈ જાય છે. ક્યારેક તબિયત ઉપર એની ગંભીર અસરથી હાર્ટ એટેક આવી જાય, બ્લડ પ્રેશર હાઈ થઈ જાય, બ્રેઈન સ્ટ્રોક આવે. આમ આગ ભભૂકતો રોષ પોતાની આડઅસર સ્વાસ્થ્ય પર મૂકી જાય છે. ક્રોધ માનવીને આંધળો કરી દે છે. મન મસ્તકને બધિર કરી દે છે. શરીરના બધા ગાત્રોને સ્થિર કરી દિવ્યાંગ હાલત કરી દે છે.

સાહિત્યક ભાષામાં ક્રોધને પુણ્ય પ્રકોપ કહેવામાં આવે છે. આમાં જવાળામુખી જેવી છાંટ વર્તાય છે. જે શરીરમાંથી ધગધગતો લાવા જાણે ફેંકે છે. ક્ષણિક આવેશ એ આપણું નુકશાન કરી જાય છે. જે મગજ શાંત થાય, આવેશના વમળ શાંત પડે પછી આપણને જાણ થાય છે. ગુસ્સો આપણને કંઈ આપતો નથી પણ ઘણું ઘણું આપણી હાથમાંથી છીનવી જાય છે. શારીરિક અને માનસિક સંતુલન, કૌટુંબિક કડવાશ સ્નેહીજનો વચ્ચેની સારપ, સુમેળતા અને સદ્‌ભાવની સરિતા નામ શેષ કરી દે છે. જોકે લાવા ઠરે એટલે પાછળથી પસ્તાવો થાય. જે નુકસાન થવાનું છે. એનો ખ્યાલ આવે ત્યારે જે વંટોળ આવ્યો હોય તે તો ચાલી જાય પણ પછી છોડી જાય માત્ર ખાના-ખરાબી.

અપરાધીઓ જેલમાં બંદીવાન બને છે એ પાછળનું મહતમ કારણ ક્ષણિક આવેગને કારણે જલદ પગલું લઈ લેવાય એ હોય છે. આપસી વેર ઝેર અને અણ સમજને લીધે કરેલો પ્રહાર માનવીનું ભવિષ્ય રોળી દે છે. પોતાનો અને પરિવાર પર કલંકનો અમીટ ધબ્બો મૂકી દે છે. ક્રોધનું મૂળ આસક્તિ કે ઈચ્છા વાસના કે કામનામાં છે. જે સહેલાઈથી ન સંતોષાતા ક્રોધને લીધે મૂઢતા, સ્મૃતિભ્રંશ અને બુદ્ધિ જડતા થઈ જાય છે. દયાવાન દેવ જેવો ઈન્સાન દાનવ રૂપ ધારણકરી આખરે પોતાના પતનની ખાણમાં પોતાને ધકેલ છે. ક્રોધ દયાહીન, દેહવિણ દાનવ છે. એનો પ્રકોપ ભલભલાને ભૂ પીતા કરી દે છે. માટે ક્રોધ પહેલાં વાણી, વિચાર અને વર્તનને લગામ આપવી જોઈએ.

- જય જ્ઞાતિમૈયા

# યુવાનો આપણું અમૂલ્ય ધન છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક સમાજના યુવાનો ભવિષ્યનો ઉજાસ છે. આવનારો સમયનો દોર યુવાનોના હાથમાં રહેશે. વડીલોની દિશા સૂચનને આગળ ધપાવે છે યુવાનો. જ્ઞાતિની, પરિવારની ઉચ્ચ પરંપરા, સંસ્કૃતિ, સભ્યતા, સંસ્કારને આગળને આગળ વધારવાની જવાબદારી યુવાનોની છે. પૂર્વજોની આદર્શ વિચારશૈલી, સમજણ અને શક્તિ સામર્થ્યની જાળવણી યુવા પેઢી બખૂબીથી આગળ વધારી શકે છે. યુવા પેઢી અશ્વ જેવી તરવરાટ ભરી ઉત્સાહીત, જોશથી થનગનતી પેઢી છે. વડીલો જે આંખોથી જોઈ શકે છે ત્યાં યુવાનો પાંખોથી ઊડીને પહોંચી શકે છે. આ બંન્નેના સમન્વયથી સમાજનો રૂતબો હુબહુ જળવાઈ રહે છે. મોર્ડન ટેકનોલોજીના ઉપયોગથી તેઓ પોતાની કલ્પના અને વિચારોને સાકાર કરી સૌને સાંકળી શકે છે. આવી સમન્વયની સાંકળ તેઓ આસાનીથી બનાવી શકે છે.

સમસ્ત મહાજનની યુવા સંઘટન સમિતિ આજની જીવનશૈલી અનુસાર યુવાનોને મનગમતી અનેક પ્રવૃત્તિઓથી જોડી શકવામાં સફળ રહી છે એની નોંધ લેવી જોઈએ. અગાઉ મોન્સુન સાયકલીંગ ઈવેન્ટ સમગ્ર દેશમાં સફળ રીતે યોજી હતી. તો દક્ષિણ એકમએ ગોવામાં ઐતિહાસિક યુવા મિલન યોજ્યું. હાલે લોકડાઉનના સમયગાળામાં વિવિધ વિડીયો જેમાં મ્યુઝિક, ડાન્સ, યોગ, ઝુમ્બા, ફિટનેસ, કૂકીંગ, પેન્ટીંગ, હોબી ક્લાસ જેવા વિવિધ વિષયોને આવરી લેતા અને યુવાનોને જોડી શકે એવા રસપ્રદ વિષયોના આપ્યા અને યુવાનોને પ્રવૃત્તમય રાખ્યાં. કોરોના કાળ સમયમાં દેશના સેવા કરતા વોરીયર્સને સલામી આપતો વીડિયો 'મુસ્કુરાયેગા ઈન્ડિયા' પણ અદ્‌ભૂત રીતે સંકલિત કરી રીલીઝ કર્યો. જેમાં વિવિધ શહેરોના જ્ઞાતિ યુવાનો ઓનલાઈન જોડાઈ સહભાગી થયા હતા.

આવા અદ્‌ભૂત અનોખા આયોજન અને કલ્પનાશીલ વિચારો દ્વારા યુવાઓ ખરેખર આપણને આશા આપે છે કે આવતી કાલ આપણી ઉજ્જ્વળ છે, આશાસ્પદ છે અને ઉજાસભરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુંબઈની અન્ડર-૧૯ ટી-૨૦ ગર્લ્સ ટીમમાં જ્ઞાતિની ટેલેન્ટેડ પેસ બોલર પલક ધરમશીનો સમાવેશ





તા.૧ ઓક્ટોબરથી પોંડિચેરીમાં રમાનારી અન્ડર-૧૯ ટી-૨૦ ટુર્નામેન્ટ રમાશે જે માટે મુંબઈની ટીમની પસંદગી મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમ.સી.એ)ની જુનિયર વીમેન્સ સિલેક્શન કમિટીના ચેરપર્સન સંગીતા કટવારે અને મેમ્બર અર્પણ ચવાણ, શીતલ સાકુ, સુષમા માધવી અને શ્રધ્ધા ચવાણ દ્વારા કરાઈ છે. જેમાં મૂળ કચ્છ સુથરીના હાલે મુલુંડ રહેતા માતા પાયલબેન, પિતા પ્રતિક પ્રતાપભાઈ મૂલજી ધરમશી (પ્રતિકભાઈ કોચિંગ ક્લાસ ટ્યૂટર છે. જ્યારે દાદા પ્રતાપભાઈ છેડા ક્લાસીસ વાળા)ની ક્રિકેટર પુત્રી ૧૭ વર્ષીય ટેલેન્ટેડ પેસ બોલર પલકની પહેલી વાર પસંદગી કરાઈ છે. મુલુંડ પૂર્વની આર.આર. કોલેજમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી પલક ધરમશી તાજેતરના પ્રેક્ટિસ કેમ્પ પર્ફોર્મન્સના આધારે મુંબઈની અન્ડર-૧૯ ટીમમાં પ્રથમવાર સિલેક્ટ થઈ છે. અગાઉ પણ તે મુંબઈની સિલેક્ટ કરવા માટેની સંભવિત દાવેદાર ખેલાડીઓ તેનું નામ સામેલ હતું. આખરે જ્ઞાતિની આ પ્રતિભાશાળી પેસ બોલરને ફર્સ્ટ ક્લાસ કેટેગરી ટૂર્નામેન્ટમાં પોતાની પ્રતિભા દાખવવાની તક મળી છે. જેમાં એ સફળ રહે એ સમસ્ત મહાજન તરફથી શુભકામના.



યોગાનુયોગે આ વખતની ગર્લ્સ અન્ડર ૧૯ ટીમમાં કેપ્ટન તુશી શાહ, વાઈસ કેપ્ટન મહેક પોકાર સાથે ઓલ રાઉન્ડર હર્લી ગાલા, લેફ્ટ આર્મ સ્પિનર રિધ્ધિ કોટેચા અને પેસ બોલર પલક ધરમશી સહિત પાંચ ખેલાડીઓ ગુજરાતી કોમ્યુનિટીથી છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

સુથરી મહાતીર્થે
ચાતુર્માસ
૨૦૭૮
અહેવાલ


# શ્રી સુથરી જૈન સંઘ

વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - 400 080.
સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com
તીર્થ પેઢી: સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

## ચાતુર્માસ શુભારંભ થી પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ વિવિધ પ્રસંગોપાત
## ચાતર્માસ - પર્યુષણ મહાપર્વની આછેરી ઝલકો


સોનથરી તીર્થમંડન ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા


પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ


શ્રી પાર્શ્વનાથ દાદા પૂજન


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ડોલરભાઇ લોડાયા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ગુલાબભાઇ છેડા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી મહેન્દ્રભાઇ પીર


શ્રી સ્નાત્ર પૂજા


શ્રી પાર્શ્વનાથ પૂજનમાં શ્રી ચેતનભાઇ મોમાયા


ચામર નૃત્ય કરતાં શ્રી રમેશભાઇ લોડાયા


શ્રાવક વૃંદ


શ્રાવિકા વૃંદ


શ્રી ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર

## શ્રી સુથરી જૈન સંઘ



પ્રભુજીના પારણાના લાભાર્થી પરિવાર



કલ્પવૃક્ષ - પ્રભુજીનું પારણું



શાલિભદ્રજીની પેટી શ્રી સંઘને અર્પણ



પ્રભુજીને પોખણાં વિધિ



શાલિભદ્રજીની પેટી



શાલિભદ્રજીની પેટી



બીજના સ્વપ્ન પધરાવનાર લાભાર્થી પરિવાર



શ્રી ચક્રેશ્વરી માતાજી અને શ્રી મહાકાળી માતાજીની ચૂંદડીના લાભાર્થી



શ્રી ચક્રેશ્વરી માતાજી અને શ્રી મહાકાળી માતાજીની ચૂંદડીના લાભાર્થી





પ્રગટપ્રભાવી, શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની પ્રતિમાજીના સ્વપ્નદ્રષ્ટા સાયલા પરિવારજનો



શ્રી ભક્તામર સ્તોત્રના લક્કી ડ્રો વિજેતા



પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.



માસક્ષમણના તપસ્વીનું પારણું



તપસ્વીનું બહુમાન

સુથરી મહાતીર્થે
# ચાતુર્માસ ૨૦૭૮ અહેવાલ

# શ્રી સુથરી જૈન સંઘ

વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - 400 080.
સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com
તીર્થ પેઢી: સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

દર વર્ષે એક ચાતુર્માસ પૂર્ણ થતાં, ચાતુર્માસના વીતેલા દિવસો દરમ્યાન થયેલ વિવિધ અનુષ્ઠાનો, તપ-જપ-આરાધના તથા પૂજ્યશ્રીઓ દ્વારા શ્રવણ કરેલ શ્રી વીરની વાણી વાગોળતાં તેમજ અગામી ચાતુર્માસમાં અચલગચ્છાધિપતિશ્રી ક્યા મહાત્માને શ્રી સંઘ માટે ચાતુર્માસ આજ્ઞા પ્રદાન કરશે તેની અવિરત રાહ જોતાં વિક્રમ સંવત ૨૦૭૮ ચાતુર્માસ માટે સાહિત્ય સમ્રાટ્, રાજસ્થાન દક્ષિણ દીપક, પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાશિષે તેમના જ શિષ્ય મધુરકંઠી, પ. પૂ. મુનિરાજ **શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ને ચાતુર્માસ સ્થિરતા માટે સુથરી મહાતીર્થની આજ્ઞા પ્રાપ્ત થઇ હતી. શ્રી દેઢિયા તીર્થે ૯૯ યાત્રા દરમ્યાન પૂજ્યશ્રી અચલગચ્છાધિપતિશ્રીની ઉપસ્થિતિમાં ચાતુર્માસ આજ્ઞાપત્ર પ. પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની હાજરી તેમજ ઉપસ્થિત મહાત્માઓ, આરાધકો તથા આમંત્રિત નગરજનો સમક્ષ ચાતુર્માસની જય બોલાવી. ચાતુર્માસ પ્રવેશ શુક્રવાર, તા. ૦૮.૦૭.૨૦૨૨ ઘોષિત કરવામાં આવતાં સર્વે ગામવાસીઓના અંતરમાં હર્ષોલ્લાસની લાગણીઓના પૂર ઉમટી પડયા હતાં.

મેઘરાજાની મહેર કચ્છની ધરતી પર થતાં પ્રાય: સર્વે ગામોમાં વરસતાં વરસાદે દરેક મહાત્મા સાધુ-સાધ્વીજી ભગવંતોના પ્રવેશ થયાં. વરસાદી વાતાવરણમાં પણ ૧૨૫થી અધિક શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીનો શ્રી સુથરી મહાતીર્થે પ્રવેશ થયો.

પૂજયશ્રી દ્વારા માંગલિક પ્રવચન, સૂત્ર ચડાવા લેવામાં આવ્યા હતા. પધારેલ દરેક ભાગ્યશાળી શ્રાવક-શ્રાવિકાઓનું **રૂા. ૨૫૦/-નું શ્રી સંઘપૂજન** કરવાનો લાભ **ટ્રસ્ટીઓ, HRD સમિતિ**ના સભ્યો તથા ગ્રામજનોએ લીધેલ. પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવતી વખતે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાનો વાસક્ષેપ પૂજા અનુષ્ઠાન **અષાઢ સુદ-૧૫ (પૂનમ)**થી ભાદરવા સુદ-૬ (છઠ) સુધી સંગીત-સૂરનાદ સાથે કરવાનો વિચાર પ્રદર્શિત કરતાં **રૂા. ૫૦૧/-**નો નકરો નિર્ધારિત કરવામાં આવેલ. જોત-જોતામાં દાતાશ્રીઓ તરફથી **૫૨ દિવસ**ના નકરાઓ પણ જાહેર થઇ ગયા. દરરોજ ચડાવો લેવાનું પણ નક્કી થતાં દાદાની અસિમ કૃપાએ શરૂઆતથી અંત સુધી આરાધકો, ગ્રામજનો, પધારેલ ભાવિકો અતિ ઉત્સાહે ચડાવામાં સહભાગી થયા.

ચાતુર્માસ એટલે તપ-જપ-વિશિષ્ટ આરાધના દ્વારા કર્મ નિર્જરા કરી પુણ્ય ઉપાર્જન કરવાનો ધોરી માર્ગ (હાઇવે) શ્રી સુથરી તીર્થે આરાધકો દ્વારા કરાયેલ **વિવિધ તપસ્યાઓ** તેમજ

### તપસ્વીઓની નામાવલી:

**માસક્ષમણ (૩૨ ઉપવાસ):**
શ્રી ચીમનલાલ નાગશી મોમાયા (ડુમરા-હુબલી)

**૧૬-ઉપવાસ:**
શ્રીમતી તારાબેન મહેન્દ્ર પીર

**૧૧-ઉપવાસ:**
શ્રી હરેશ ખીમજી મોમાયા

**૯-ઉપવાસ:**
૧) પૂજા લલિત ડાઘા
૨) મૈત્રી લલિત ડાઘા

**અઠ્ઠાઇ સાથે ૪૫ દિવસના એકાસણા:**
૧) તુષાર નરશી છેડા
૨) જયાબેન તુષાર છેડા
૩) ભારતી દિલીપ ધુલ્લા
૪) વાસંતી મણીલાલ મોમાયા

**અઠ્ઠાઇ તપ:**
૧) પારૂલ લિતિન મોમાયા (વરસીતપ)
૨) ચિરાગ જયેશ લોડાયા
૩) ખીમજી પદમશી સાયલા
૪) રંજનબેન નારાણજી સોની
૫) નયનાબેન ગુલાબ છેડા
૬) ધ્વનિ પ્રીયેશ પીર
૭) મનીષા હરેશ મોમાયા

**અઠ્ઠમ/છઠ્ઠ તપ:**
૧) નીપેશ લખમશી ખોના
૨) પિયુષ દિનેશચંદ્ર સાયલા
૩) જયેશ નારાણજી ધરમશી
૪) કુણાલ હેમેન્દ્ર મોમાયા
૫) મહેન્દ્ર પદમશી પીર
૬) વૃષભ કેસરસિંહ ધરમશી

કોઇપણ કાર્યને સફળતા અપાવવા વ્યવસ્થાપકો, શ્રી સંઘ વહીવટકારો (સંચાલકો), ટ્રસ્ટીશ્રીઓને ધન-રાશીની જરૂર અવશ્ય પડે જ! વહીવટકારો દ્વારા શ્રેષ્ઠિવર્યોને સંપર્ક

કરાતાં લાભાર્થી પરિવારોએ પુણ્યથી ઉપાર્જન કરેલી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો અવસર તરત ઝડપી લીધો:

## ચાતુર્માસ મુખ્ય લાભાર્થી પરિવારો:

**૧) માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી**
**૨) માતુશ્રી બાંયાબાઇ નરશી ભોજરાજ છેડા**
**૩) માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા**
**૪) માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની**

## ચાતુર્માસ સહયોગી લાભાર્થી પરિવારો:

દરેક ગામવાસી શ્રાવક-શ્રાવિકાઓને લાભ મળે તે માટે **આના ફોડ** નક્કી કરાતાં ચાતુર્માસ ફાળા માટે નામ નોંધાવનાર ભાગ્યશાળી પરિવારો:

**૬૧ આની-** શ્રી સતીશ શામજી હંસરાજ ધરમશી

**૨૧ આની-**
માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા તથા
માતુશ્રી ભારતીબેન રમેશચંદ્ર મૈશેરી (સિંધોડી)

**૨૦ આની-** માતુશ્રી ભમલબાઇ પદમશી પીર
હસ્તે: તારાબેન મહેન્દ્ર પીરની તપ પૂર્ણાહુતિ નિમિત્તે

**૧૧ આની-**
૧) માતુશ્રી જવેરીબાઇ શામજી દંડ
૨) શ્રી અંબે માં ખોના પરિવાર હસ્તે: શ્રી રાજેન્દ્ર ખોના
૩) કુ. લિસા તથા શ્રીમતી હેમાંગી વિપિન ખોનાની અઠ્ઠાઇ તપ નિમિતે

**૫ આની-**
૧) માતુશ્રી વિજયાબાઇ વેરશી મોતા
૨) માતુશ્રી હીરાબાઇ હંસરાજ મોમાયા
૩) માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા
૪) માતુશ્રી ભમલબાઈ પદમશી પીર
૫) વીણાબેન વસંત પીરની તપ પૂર્ણાહુતિ નિમિતે
૬) શ્રી કીર્તિભાઇ ધનજી ધરમશી (બેંગલોર)
૭) માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસિયા (નાંદેડ)
૮) માતુશ્રી લીનાબેન હેમેન્દ્ર મોમાયા
૯) માતુશ્રી કસ્તુરીબાઇ શિવજી ખોનાની ૫મી પુણ્યતિથી નિમિત્તે હસ્તે: દિનેશ શિવજી ખોના
૧૦) માતુશ્રી સોનબાઇ કલ્યાણજી ધરમશી
૧૧) માતુશ્રી કુંવરબાઇ લક્ષ્મીચંદ ધરમશી
૧૨) માતુશ્રી ધનબાઇ નરશી છેડા પરિવાર
૧૩) માતુશ્રી મમીબાઇ કુંવરજી નરશી દંડ
૧૪) માતુશ્રી નલીનીબેન કુંવરજી ખોના

**૩ આની-**
૧) માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા
હસ્તે: અંતરા ધૈર્ય લોડાયા
૨) માતુશ્રી મધુરીબાઇ મણીલાલ ખોના
હસ્તે: યેશા, જયમાલા દિલીપ ખોના
૩) પ્રવિણાબેન અશ્વિન શાહ
હસ્તે: હિરલ પિંકલ શાહ
૪) કિરણજી સુભાષ ભાખરી
૫) શ્રીમતી જસ્માબેન કિશોર છેડા
૬) માતુશ્રી સુશીલાબેન વિશનજી કુંવરજી પોલડિયા

**૨ આની-**
૧) સુનાલી રૂપેશ નાગડા
૨) માતુશ્રી કુંવરબાઇ વિસનજી મોતા
૩) શ્રી ખીમજી નરશી મોતા
૪) નીલાબેન પ્રશાંત ખોના
૫) નીતિન ચંદનબેન પદમશી મોતા (નલિયા)
હસ્તે: શીલાબેન શાંતિલાલ
૬) માતુશ્રી રમીલાબેન પદમશી ધરમશી
૭) માતુશ્રી કુંવરબાઇ ઉમરશી છેડા

**૧ આની-**
૧) શ્રી પ્રમોદ સોમચંદ ખોના (મુલુંડ )
૨) વાસંતીબેન મણીલાલ મોમાયા
૩) શ્રી શ્રેયાંશ ડોલર વીકમસી (જખૌ)
૪) માતુશ્રી લક્ષ્મીબેન નારાણજી ધરમશી (ધુલિયા)
૫) માતુશ્રી ખેતબાઇ લાલજી સોની
૬) શ્રી પદમશી વિસનજી ધરમશી
૭) ઇંદિરાબેન પદમશી ધરમશી
૮) શ્રી પ્રતાપભાઇ પદમશી ધરમશી
૯) સરોજબેન રાજેન્દ્ર ખોના
૧૦) માતુશ્રી હીરબાઇ લાલજી ધરમશી
૧૧) પ્રિયાંશી પ્રશાંત ખોના
૧૨) આદિરાજ રૂપેશ નાગડા
૧૩) માતુશ્રી નવલબાઇ વીરચંદ દંડ (છાદુરા-સુરત)
૧૪) નિરૂપમાબેન હિરેન નાગડા
૧૫) માતુશ્રી પ્રેમિલાબેન ચંદુલાલ લોડાયા
૧૬) ચંદુલાલ શામજી લોડાયા
૧૭) લક્ષ્મીચંદ શામજી લોડાયા
૧૮) નિપુણ ભાવેશ મૈશેરી
૧૯) નિધિ ભાવેશ મૈશેરી
૨૦) ચિરાયુ અમર લોડાયા
૨૧) પલાંશ અમર લોડાયા
૨૨) વૃષભ જયમન ખોના હસ્તે: હંસકુમાર દંડ
૨૩) માતુશ્રી રતનબેન ખીમજી પટેલ
૨૪) અનિલ વિસનજી છેડા
૨૫) રંજનાબેન નારાણજી સોની
૨૬) ચંદ્રિકા જવેરચંદ પોલડિયા (બાયઠ)
૨૭) માતુશ્રી નવલબેન રતનશી લોડાયા

**આની સિવાયનો ફાળો-**
રૂ. ૧૧૦૦/- કારાણી પરિવાર હસ્તે: ઓમ, જીવાંશ અને

કેવિન કારાણી

**પર્યુષણ મહાપર્વ તથા ચાતુર્માસ આરાધના કરવા આવનાર આરાધકોને આવવા-જવાની રેલ્વેની સ્લીપર ક્લાસ ટિકિટના લાભાર્થી પરિવાર:**

**માતુશ્રી કુંવરબાઇ વિશનજી માંયા મોતા** અને
**માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા**

**ચાતુર્માસ પ્રારંભથી, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની પૂર્ણાહૂતિ સુધી વાસક્ષેપ પૂજા અનુષ્ઠાન માટે સંગીતકાર શ્રી રણજીતભાઇ સહ સાથી કલાકારોના મહેનતાણાના લાભાર્થી પરિવાર:**

**માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા**
હસ્તે **અ.સૌ. નયનાબેન ગુલાબભાઇ છેડા** તથા
**અ.સૌ. ઇંદીરાબેન લહેરચંદ છેડા**

**પર્યુષણ મહાપર્વ દરમ્યાન ૧૪ મહાસ્વપ્નોની ઘૃતઉછામણીના લાભાર્થી પરિવારો:**

**મોક્ષની બારી ખોલનાર લાભાર્થી:**
માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી

**૧૪ સ્વપ્ન ઝુલાવવાનો લાભ:**
માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી

**સ્વપ્ન પાટ ઉપર પધરાવનાર લાભાર્થી પરિવારો:**
**ગજરાજ-** શ્રી રતનશી ખીંયશી ખોના
**વૃષભ-** માતુશ્રી તેજબાઇ વિસનજી છેડા
**કેસરી સિંહ-** શ્રી રતનશી ખીંયશી ખોના
**લક્ષ્મી-** માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા
**ફૂલની માળા-** માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા
હસ્તે: સ્નેહાબેન અશોક મોતા
**ચંદ્ર-** શ્રીમતી અંજનાબેન પ્રતાપભાઇ પદમશી ધરમશી
**સૂર્ય-** માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા
પ્રેરણા: પ.પૂ.સાધ્વી હર્ષનિધીશ્રીજી મ.સા.તથા
પ.પૂ.સાધ્વી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.
**ધ્વજ-** માતુશ્રી ભમલબાઇ પદમશી પુંજાભાઇ પીર
હસ્તે: તારાબાઇ મહેન્દ્ર પીર
**કળશ-** માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની
**પદ્મ સરોવર-** પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ સા.ની નિશ્રામાં ચાલતી તપસ્યા નિમિતે
માતુશ્રી તેજબાઇ વિસનજી ઘેલાભાઇ છેડા
**વહાણ-** માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી
**દેવ વિમાન-** શ્રી રતનશી ખીંયશી ખોના
**રત્નની રાશી-** સ્વ. ભારતીબેન રમેશ ઉમરશી મૈશેરી (મોટી સીંધોડી) હસ્તે: આદિતી જેશલ દિનેશચંદ્ર સાયલા
**અગ્નિ શિખા-** માતુશ્રી બાંયાબાઇ નરશી ભોજરાજ છેડા

**પારણું પધરાવનાર લાભાર્થી-**
માતુશ્રી વિજયાબેન શીવજી જીવરાજ કારાણી

**પારણું ઝુલાવનાર લાભાર્થી-**
માતુશ્રી મીઠીબાઇ રાયમલ નાગશી મોમાયા

**શાલિભદ્ર પેટી ઘરે પધરાવનાર લાભાર્થી-**
માતુશ્રી ભમલબાઇ પદમશી પૂંજાભાઇ પીર
હસ્તે: તારાબેન મહેન્દ્ર પીર

**શ્રી કલ્પસૂત્ર પોથી ઘરે પધરાવનાર લાભાર્થી પરિવાર:**
માતુશ્રી ઝવેરીબાઇ શામજી ખીંયશી દંડ

**શ્રી કલ્પસૂત્ર પોથી પૂજ્યશ્રીને વહોરાવનાર લાભાર્થી:**
માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા

**બારસાસૂત્ર પૂજ્યશ્રીને વહોરાવવાના લાભાર્થી પરિવાર:**
માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન વિશેષ અનુમોદના:**

પર્યુષણ પર્વ દરમ્યાન તા. ૨૪-૦૮-૨૦૨૨ થી તા. ૦૧-૦૯-૨૦૨૨ દરમ્યાન ૯ દિવસ દરરોજ વિવિધ લાભ લેનાર લાભાર્થી પરિવારો:

**મીઠી રાબ:**
૧) માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી
૨) શ્રી અંબે મા ધરમશી પરિવાર
૩) માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ

**આંગી, પક્ષી ચણ અને કૂતરાને રોટલા:**
માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી

**સંગીતસંધ્યા બાદ આરતી-મંગલ દીવો:**
નવે દિવસ ઉછળતા ભાવે ઉછામણી દ્વારા લાભ લેનાર લાભાર્થી પરિવાર
માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા

**ચાતુર્માસ પ્રારંભથી પર્યુષણ પર્વ સુધી નિત્ય સાંજના પ્રતિક્રમણમાં રૂા. ૧૦/-ની પ્રભાવના:**
માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા

**ચાતુર્માસ પ્રારંભથી પર્યુષણ પર્વ સુધી નિત્ય બપોરે જાપમાં રૂા. ૧૦/-ની પ્રભાવના:**
માતુશ્રી ઉર્મિલાબેન જવેરચંદ ધરમશી તથા
તેજલબેન હિતેન ધરમશી (સંયુક્તપણે)

પૂજ્યશ્રી દ્વારા **શ્રી ચક્રેશ્વરી દેવી** તથા **શ્રી મહાકાળી માતાજીને** પર્યુષણ પર્વ દરમ્યાન રોજ **ચૂંદડી ચડાવવાનો** પ્રસ્તાવ રજૂ કરાતાં નકરા સ્વરૂપે રૂા. ૫,૦૦૧/- નક્કી થતાં પ્રસ્તાવને સહર્ષ વધાવી લેવામાં આવેલ. **ઉછામણી દ્વારા માતાજીને ચૂંદડી પહેરાવનાર લાભાર્થી પરિવારો:**

૨૪/૦૮: સ્વ. સરિતાબેન બિપીનભાઇ નરશી છેડા
૨૫/૦૮: માતુશ્રી ધનબાઇ ઉમરશી રામૈયા ધરમશી
૨૬/૦૮: માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસિયા (નાંદેડ)
૨૭/૦૮/૨૦૨૨:
કારાણી પરિવાર હસ્તે: ઓમ, જીવાંશ, કેવિન કારાણી

૨૮/૦૮/૨૦૨૨:
માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા તથા
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા
૨૯/૦૮/૨૦૨૨
કારાણી પરિવાર, ઓમ, જીવાંશ, કેવિન કારાણી
હસ્તે: માતુશ્રી મણિબાઇ શીવજી કારાણી
૩૦/૦૮/૨૦૨૨
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા અને
માતુશ્રી વિજયબાઇ વેરશી માંયા મોતા
૩૧/૦૮/૨૦૨૨
શ્રી વિસનજી ઘેલાભાઇ છેડાની પૌત્રીઓ
માનશી, સેજલ, દર્શના
૦૧/૦૯/૨૦૨૨
માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારિયા સાયલા
૦૩/૦૯/૨૦૨૨ માતુશ્રી મીઠીબાઇ મણીલાલ ખોના
હસ્તે: સરોજબેન રાજેન્દ્ર ખોના

## પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો:

**શ્રાવણ વદ-૧૩, બુધવાર, તા. ૨૪.૦૮.૨૦૨૨**

**નવકારશી, બપોરનું ભોજન અને ચૌવિહાર ભક્તિ:**
**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

**શ્રાવણ વદ-૧૪, ગુરૂવાર, તા. ૨૫.૦૮.૨૦૨૨**

**નવકારશી:** શ્રી સુથરી જૈન સંઘ
**બપોરનું ભોજન:** શ્રી શામજી મુલજી ખોના
હસ્તે: વિપીન શામજી ખોના
**ચૌવિહાર:** માતુશ્રી જવેરીબાઇ શામજી ખીંયશી દંડ

**શ્રાવણ વદ-૩૦, શુક્રવાર, તા. ૨૬.૦૮.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી લક્ષ્મીબાઇ પુનશી ધરમશી
**બપોરનું ભોજન:** શ્રી ભવાનજી નરશી છેડાના સુપુત્રીઓ તથા પ્રપૌત્રીઓ
**ચૌવિહાર:** માતુશ્રી તેજબાઇ વિશનજી છેડા

**ભાદરવા સુદ-૧, શનિવાર, તા. ૨૭.૦૮.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી ગુણવંતીબેન દેવશી ધુલ્લા
હસ્તે: પ્રજ્ઞાબેન વિજયભાઇ ધુલ્લા
**બપોરનું ભોજન:** માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ લોડાયા (મંજલીયા)
**ચૌવિહાર:** શ્રી સુથરી જૈન સંઘ

**ભાદરવા સુદ-૨, રવિવાર, તા. ૨૮.૦૮.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી કસ્તુરીબેન નવીનચંદ લોડાયા
હસ્તે: શ્રી યોગેશ નવીનચંદ લોડાયા (ખરગોન)
**બપોરનું ભોજન:** શ્રી જેઠાલાલ વિશનજી માંયા મોતા
**ચૌવિહાર:** માતુશ્રી કસ્તુરીબેન નવીનચંદ લોડાયા
હસ્તે: શ્રી યોગેશ નવીનચંદ લોડાયા (ખરગોન)

**ભાદરવા સુદ-૩, સોમવાર, તા. ૨૯.૦૮.૨૦૨૨**

**નવકારશી:** શ્રી સુથરી જૈન સંઘ
**બપોરનું ભોજન:** માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ ધુલ્લાની ૫મી પુણ્યતિથી નિમિત્તે હસ્તે: શ્રી રાયચંદ કાનજી ધુલ્લા
**ચૌવિહાર:** માતુશ્રી ભમલબેન પદમશી પૂંજા પીર

**ભાદરવા સુદ-૪, મંગળવાર, તા. ૩૦.૦૮.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી ધનબાઇ ઉમરશી રામૈયા ધરમશી
હસ્તે: નીલાબેન હીરાચંદ તથા શીલાબેન શાંતિલાલ
**બપોરનું ભોજન:** શ્રી રતનશી ખીંયશી ખોના
હસ્તે: શ્રી જયતિલક ખોના
**ચૌવિહાર:** માતુશ્રી વિજયાબાઇ શીવજી કારાણી

**ભાદરવા સુદ-૫, બુધવાર, તા. ૩૧.૦૮.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી લીનાબેન હેમેન્દ્ર મોમાયા
**બપોરનું ભોજન:** માતુશ્રી મીઠીબાઇ રાયમલ નાગશી મોમાયા
**ચૌવિહાર:** --

**ભાદરવા સુદ-૬, ગુરૂવાર, તા. ૦૧.૦૯.૨૦૨૨**

**નવકારશી:** માતુશ્રી લક્ષ્મીબેન નરશી નાગડા
હસ્તે: હિમાંશુ પ્રદીપ નાગડા
**બપોરનું ભોજન:** માતુશ્રી ગંગાબાઇ ધનજી ચાંપશી હેફા
**ચૌવિહાર:** માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ

## પર્યુષણ મહાપર્વે ભાદરવા સુદ-૧ના પૂજ્યશ્રીના ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર:

કારાણી પરિવાર હસ્તે: ઓમ, જીવાંશ, કેવિન કારાણી

## પર્યુષણ મહાપર્વે ભાદરવા સુદ-૫ના પૂજ્યશ્રીના ગુરૂપૂજનના લાભાર્થી પરિવાર:

માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા
માતુશ્રી કુંવરબાઇ વિશનજી માંયા મોતા તથા
માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા

પર્યુષણ પર્વ બાદ સ્થાનિકે **શાશ્વત આયંબિલ ઓળીનું** આયોજન **પ. પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ. સા.** તથા તપસ્વીરત્ના **પ. પૂ. સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ. સા.**ની નિશ્રામાં થશે.

**તા. ૦૧.૧૦.૨૦૨૨, શનિવાર થી તા. ૦૯.૧૦. ૨૦૨૨, રવિવાર દરમ્યાન આયંબિલ ઓળીના લાભાર્થી પરિવાર:**

**માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારીયા સાયલા**
આરાધકોને શ્રી સુથરી મહાતીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ.

## વિવિધ અનુષ્ઠાનો:

**શ્રી ચંદ્રકાંત દેઢિયા અને સાથી કલાકારોના સથવારે**

રવિવાર, તા. ૦૪.૦૯.૨૦૨૨

**શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાનું પૂજન**ના લાભાર્થી:
**માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા**

**શનિવાર, તા. ૦૧.૧૦.૨૦૨૨**

**શ્રી મહાકાળી માતાજી પૂજન**

લાભાર્થી પરિવાર: **HRD સમિતિના સભ્યો**

**શનિવાર, તા. ૦૫.૧૧.૨૦૨૨**

**શ્રી નમિઉણ પૂજન**

લાભાર્થી પરિવાર: **અંબે માં ધરમશી પરિવાર**

**રવિવાર, તા. ૦૬.૧૧.૨૦૨૨**

**શ્રી ઋષિમંડળ પૂજન**

લાભાર્થી પરિવાર: **માતુશ્રી ભમલબાઇ પદમશી પૂંજાભાઇ પીર** હસ્તે: **તારાબેન મહેન્દ્ર પીર (ડોંબિવલી)**

## જીવદયા ફાળો:

**રૂા. ૫૦૦૦૦૦/-**

**શ્રી ચીમનલાલ જીવરાજ કારાણી**

**હસ્તે: શ્રી દીપક રાયચંદ કારાણી (મુલુંડ)**

**રૂા. ૧૦૦૦૦૦/-**

**શ્રી ચીમનલાલ જીવરાજ કારાણી**

**હસ્તે: શ્રી ભરત શીવજી કારાણી (ગદગ)**

**રૂા. ૭૨૦૦૦/-**

**માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા**

**હસ્તે: હીરાલક્ષ્મી ભવાનજી લોડાયા**

**રૂા. ૫૧૦૦૦/-**

**૧) માતુશ્રી વિજયાબાઇ વેરશી માંયા મોતા**

**હસ્તે: સ્નેહાબેન અશોક મોતા**

**૨) માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા**

**હસ્તે: શ્રી ભવાનજી પદમશી (૫૦ ગુણી ભૂસો)**

**રૂા. ૨૫૦૦૦/-** રાજગોર મહેન્દ્રકુમાર

**રૂા. ૧૧૧૧૧/-**

૧) સુમનલાલ શીવજી લોડાયા (કોઠારા)

હસ્તે: હીરાબાઇ હંસરાજ મોમાયા

૨) શ્રી રમેશ હીરજી લોડાયા

**રૂા. ૧૧૦૦૦/-**

૧) શ્રી શાંતિજિન જૈન જાગૃત્તિ ગ્રુપ-સાંધવ

૨)શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

૩) શ્રી મનિષ નવીનચંદ્ર મોતા (લાખણીયા)ના સ્મરણાર્થે

હસ્તે: કાંતાબેન નવીનચંદ્ર મોતા

૪) શ્રી લહેરચંદ રતનશી ડાઘા (ભાંડુપ)

**રૂા. ૯૦૦૯/-** માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ હીરજી ધરમશી

**રૂા. ૫૦૦૧/-**

૧) હીરબાઇ લાલજી જેવત ધરમશી

૨) તારામતી મણિલાલ પદમશી લોડાયા

**રૂા. ૫૦૦૦/-**માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા (આરીખાણા) હસ્તે: કસ્તુરીબેન શાંતિલાલ ખોના

**રૂા. ૨૫૦૧/-**

૧) માતુશ્રી લક્ષ્મીબાઇ પુનશી ડોસાભાઇ

૨) માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી સાયલા

૩) કોકીલાબેન વાલજી લાલજી ધરમશી

**રૂા. ૨૦૦૦/-** મનમોહનસિંહ ચાવલા (ખરગોન)

માતુશ્રી સોનબાઇ કલ્યાણજી ધરમશી હસ્તે: શ્રી તારાચંદ

**રૂા. ૧૫૦૧/-** લક્ષ્મીચંદ લાલજી જેવત ધરમશી

**રૂા. ૧૫૦૦/-**

૧) માતુશ્રી લક્ષ્મીબાઇ નારાણજી ધરમશી (ધુલીયા)

૨) માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લોડાયા (નાંદેડ)

૩) શ્રી ઉદય જયેશ ભાટે (ધુલિયા)

**રૂા. ૧૦૦૧/-**

૧) શ્રી શૈલેષ મણિલાલ મોમાયા (વરાડીયા)

૨) કલ્પના લધુભાઇ હેફા

૩) માતુશ્રી નવલબાઇ વીરચંદ લખમશી દંડ (છાદુરા)

૪) અસ્મિતાબેન ઉદય ખોનાની અઠ્ઠાઇ તપ નિમિત્તે

હસ્તે: ગીતાબેન રમેશ લોડાયા

૫) અંતરા ધૈર્ય લોડાયા હસ્તે: ગીતાબેન લોડાયા

**રૂા. ૧૦૦૦/-**

૧) મનજીતસિંહ ચાવલા (ખરગોન)

૨) રબમીતસિંહ ચાવલા (ખરગોન)

૩) દમયંતીબેન હેમરાજ પાસડ

**રૂા. ૫૦૧/-**

૧) સુશીલાબેન વિશનજી પોલડીયા

૨) શ્રી વિશાલ લક્ષ્મીચંદ ધરમશી

૩) દર્શના વિશાલ ધરમશી

૪) તીર્થા વિશાલ ધરમશી

૫) કૃપાલી વિશાલ ધરમશી

૬) મંજુલા હીરાચંદ દંડ

**રૂા. ૨૦૧/-** પદમશી કાનજી ઉડીયા

**રૂા. ૧૦૦/-** લક્ષ્મીબાઇ નારાણજી શાહ

શ્રી સુથરી મહાતીર્થે વિવિધ તપશ્ચર્યા કરનાર આરાધકો સ્વ ઉપાર્જિત લક્ષ્મીને વાવરીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી મહાપુણ્ય ઉપાર્જન કરનાર લાભાર્થી પરિવારો, શ્રેષ્ઠિવર્યો, સ્થાનિકે પધારી આરાધના કરનાર ગામવાસીઓ, જ્ઞાતિજનો આપ સર્વેનો શ્રી સુથરી જૈન સંઘના ટ્રસ્ટીગણ, વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો દ્વારા ભૂરિ-ભૂરિ અનુમોદના તથા અગામી અનુષ્ઠાનોમાં સહકુટુંબ પધારવા નિમંત્રણ પાઠવીએ છીએ. તેમજ ચાતુર્માસ અહેવાલમાં શરતચૂકથી કોઇના નામ ત્રૂટિ કે નામ લખવાના રહી ગયા હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ !

**લિ. શ્રી સુથરી જૈન સંઘ** વતી

**સર્વે ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સ્વાભિમાન

## સ્વાભિમાન સમિતિ, ધન્વંતરિ યોજના

સમાન ધર્મ વાળા ને સાધર્મિક કહેવાય છે
તેની રક્ષા કરવી સહયોગ આપવો તે સૌથી મોટી સેવા છે.
જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનની મદદ થી જ્ઞાતિ-સમાજ પ્રગતિશીલ બને છે.
સાધર્મિક દયાને પાત્ર નથી પણ સહાય-મદદ ને પાત્ર છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**




## હેમા ગુલાબ છેડા

નલિયા, બેંગલોર

## ધન્વંતરિ સમર્થક

# Rs. 1,00,000


શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
KDO
સ્વાભિમાન
સ્વાભિમાન સમિતિ, ધન્વંતરિ યોજના
સમાન ધર્મ વાળા ને સાધર્મિક કહેવાય છે
તેની રક્ષા કરવી સહયોગ આપવો તે સૌથી મોટી સેવા છે.
જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનની મદદ થી જ્ઞાતિ-સમાજ પ્રગતિશીલ બને છે.
સાધર્મિક દયાને પાત્ર નથી પણ સહાય-મદદ ને પાત્ર છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...
શેઠ શ્રી હંસ બી. ખીમજી
તેરા માટુંગા
ધન્વંતરિ સમર્થક
Rs. 4,11,001


શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
KDO
સ્વાભિમાન
સ્વાભિમાન સમિતિ, ધન્વંતરિ યોજના
સમાન ધર્મ વાળા ને સાધર્મિક કહેવાય છે
તેની રક્ષા કરવી સહયોગ આપવો તે સૌથી મોટી સેવા છે.
જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનની મદદ થી જ્ઞાતિ-સમાજ પ્રગતિશીલ બને છે.
સાધર્મિક દયાને પાત્ર નથી પણ સહાય-મદદ ને પાત્ર છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...
માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા પરિવાર
હ: રાજેશ પ્રેમજી લોડાયા
મોટી સિંધોડી - સાયન
ધન્વંતરિ સમર્થક
Rs. 1,00,000


શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
KDO
સ્વાભિમાન
સ્વાભિમાન સમિતિ, ધન્વંતરિ યોજના
સમાન ધર્મ વાળા ને સાધર્મિક કહેવાય છે
તેની રક્ષા કરવી સહયોગ આપવો તે સૌથી મોટી સેવા છે.
જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનની મદદ થી જ્ઞાતિ-સમાજ પ્રગતિશીલ બને છે.
સાધર્મિક દયાને પાત્ર નથી પણ સહાય-મદદ ને પાત્ર છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...
રાયચંદ દેવશી મુનવર(જીવાણી)
જખૌ, ડોંબીવલી
ધન્વંતરિ સમર્થક
Rs. 50,000

# કે.ડી.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ યુવા મંચ આયોજિત યુથ એક્સચેંજ પ્રોગ્રામ ૨૦૨૨

શ્રી કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ યુવા મંચ દ્વારા Path finders 2022 અંતર્ગત યુથ એક્સચેંજ પ્રોગ્રામનું આયોજન તા.૧૧,૧૨ અને ૧૩ નવેમ્બર વિર્દભ તથા મરાઠાવાડા વિભાગમાં અને તા.૨૫,૨૬ અને ૨૭ નવેમ્બરના પશ્ચિમ મહારાષ્ટ્ર તેમજ ખાનદેશ વિભાગમાં કરાશે.

જેમાં યુવા વિનિમયમાં વિવિધ શહેરોના યુવાનોના જૂથોને મળવા સાથે રહેવા અને પરિવારો સાથે ટૂંકા ગાળા માટે શહેરો પસંદગી કરશે.

આમાં ૧૮ થી ૨૮ વર્ષ વયના કેડીઓ યુવા સહભાગી થઈ શકશે. યુવાનોને હોસ્ટ કરવા માટે મહારાષ્ટ્રના તમામ ઝોનમાંથી કેડીઓ પરિવારોને આમંત્રણ આપવું. શુક્ર, શનિ અને રવિ અઢી દિવસનો આ કાર્યક્રમ રહેશે. આ દ્વારા નવા મિત્રો, જ્ઞાતિ પરિવારના સભ્યો સાથે વિચાર ગોષ્ઠિ થશે, પરિચય થશે. નવા શહેર નવું ખાનપાન, નવી બજાર અને તેની ખાસિયતની જાણકારી થશે. એકબીજાના વિચારો, અનુભવોનું આદાન પ્રદાન થશે. યાદગાર સ્મરણો વાગોળવાની તક મળશે.

**રજીસ્ટ્રેશન લિંક વિગત**

૧) યુવાનો સહભાગી થવા ફોર્મ ભરવા માટે લિંક https://rb.gy/zbkiak

વોટસએપ જૂથમાં જોડાવા https://chat.whatsapp.com/KZCtUUFpNAh1iCotDLmuVF

૨) હોસ્ટ માટે નોંધ લિંક https://rb.gy/qqvxtt

૩) વોટસએપ જૂથમાં જોડાઓ https://chat.whatsapp.com/LCFELG1TxKm2eFZZTHGRc2

અન્ય કોઈ વિગત જાણવા, માહિતી કે પ્રશ્ન કરવા માટે ડૉ.સાગર એસ.લાલકા વોટસઍપ નં.૯૩૭૩૬૯૯૯૨

# ગચ્છસ્થ વિર મુનિશ્રી ભદ્રંકરસાગરજી (પ્રથમ) (વિદ્યાભિક્ષુ) મ.સા.કાળધર્મ પામ્યા





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય ગચ્છ સ્થવિર મુનિશ્રી ભદ્રંકરસાગરજી (પ્રથમ) (વિદ્યાભિક્ષુ) મ.સા. તા.૨૪ સપ્ટેમ્બર શનિવાર ભાદરવા વદ અમાસના વહેલી સવાર ૩.૩૦ કલાકે ૮૬ વર્ષની વયે સમેતશિખરજી જહાજ મંદિર મુકામે શાતાપૂર્વક કાળધર્મ પામેલ છે. જય જય નંદા જય ભદ્રા

# નલિયા ડેપોથી માતાના મઢ માટે નવરાત્રિ માટે વિશેષ બસ સેવા



કચ્છના નલિયા બસ ડેપોથી માતાના મઢ જવા બસ સેવા નવરાત્રિને અનુલક્ષી શરૂ કરાઈ છે. જે માઁ આશાપુરા માતાજીના દર્શનાર્થે જતાં ભાવિક ભક્તજનો તેમજ પ્રવાસી જનતાને આ સુવિધા સવલત આપશે.

સમય નલિયાથી સવારે ૯ કલાકે, બપોરે ૧ કલાકે જ્યારે રીટર્નમાં માતાના મઢથી સવારે ૧૧.૧૫ વાગે અને બીજી બસ બપોરે ૩.૧૫ કલાકે વાયા રામપર, ઐડા રોડ, ગોયલા રોડ, જંગડીયા, આશાપર રોડ, ભાડરા અને કોટડા.

# ખંડવા સંઘમાં ક્ષમાપના ઉપર સાધ્વી મ.સા.નો વ્યાખ્યાન યોજવામાં આવ્યો






તા.૨૨ સપ્ટેમ્બર ગુરૂવારના દિને મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા દિગમ્બર અને શ્વેતાંબર ફિરકાના ચાતુર્માસમાં બિરાજિત સાધ્વી ભગવંત મહારાજ સાહેબનો ક્ષમાપના ઉપર મનનીય વ્યાખ્યાન રાખવામાં આવેલ. આ વ્યાખ્યાન શ્રવણ કરવા માટે સારી સંખ્યામાં સંકલ જૈન સંઘના શ્રાવક શ્રાવિકોની ઉપસ્થિત રહી હતી અને સૌ ભાવિકોએ ધ્યાનપૂર્વક વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

# માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ મુંબઈની ડોંબિવલી (વેસ્ટ) શાખાનો પુનઃપ્રારંભ

માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ મુંબઈ સ્ત્રી સશક્તિકરણનો ઉમદા ઉદાહરણ છે. આ ગૃહ ઉદ્યોગ ઉત્પાદિત મીઠાઈ, ફરસાણ, ખાખરા, અથાણા ઈત્યાદિ ખાદ્ય વસ્તુઓ શુધ્ધ, સ્વાદિષ્ટ અને માફક દરથી વેચાણ કરાય છે.

કેડીઓ ગૃહઉદ્યોગની ડોંબિવલી વેસ્ટની શાખા કંઈક કારણોસર ઘણા વખતથી બંધ રહી જે હવે પુનઃ તા.૨૬ સપ્ટેમ્બર સોમવારથી શરૂ થાય છે. સ્થળ દિપ્તી પેલેસ સોસાયટી, ધનશ્યામ ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ).

ડોંબિવલીના જ્ઞાતિજનો એ જરૂરથી આપણા જ્ઞાતિ ગૃહ ઉદ્યોગના વેંચાણ કેન્દ્રની મુલાકાત લઈ મીઠાઈ ફરસાણ ખાખરા, અથાણા તથા વિવિધ વસ્તુઓની ખરીદી કરી ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહિત કરશો. એવી અપીલ માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહ ઉદ્યોગ મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી વિરેન્દ્ર લોડાયા, ટ્રસ્ટી જયેશ મોમાયા તથા માનદમંત્રી સંદીપ લોડાયા દ્વારા કરાઈ છે. વધુ વિગત માટે સંપર્ક કમલેશ શિયાલ-૯૮૬૯૭૭૪૨૮૯, ટોમેશ નાગડા-૮૮૭૯૫૨૨૯૩૩.

# કિડની અને હાડકા રોગ નિદાન કેમ્પનું ઘાટકોપર મધ્યે આયોજન

તા.૧ ઓક્ટોબર શનિવાર રોજ સવારે ૧૦ થી ૪ વાગ્યા સુધી અનંત છાયા, આર.બી.મહેતા રોડ, ઘાટકોપર પૂર્વમાં રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા દ્વારા આયોજિત કરાયું છે. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ.રાજેશ ઠક્કર સેવા આપશે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩.

# શ્રી નરશીનાથા ધર્મશાળા પાલિતાણા મધ્યે પર્યુષણ પર્વ આરાધના અદ્‌ભૂત ભાવ સાથે થઈ








તીર્થરાજ શ્રી શંત્રુજ્ય તીર્થની ધન્ય ધરા પર સ્થિત જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશીનાથા ધર્મશાળાની પાવન ભૂમિના આંગણે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના રાજસ્થાન દીપક, સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી આજ્ઞા આશીષએ શુભં કરી નિશ્રાએ પૂજ્ય મુનિ ભગવંતશ્રીઓ તથા પાલિતાણા સ્થિત પ્રવર્તિની મહતરા મુખ્ય સાધ્વી પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા., શાંત સ્વભાવી પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા. આદિ સાધ્વીજી ભગવંતોની આરાધનામય ઉપસ્થિતિએ ચતુર્વિધ સંઘના સૌભાગ્ય સાંનિધ્યે પર્વાધિરાજની આરાધનાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. પર્વાધિરાજ પર્વ દરમ્યાન સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા આત્માનંદી પ.પૂ.સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા ધર્મશાળા મધે સ્થિરતા પ્રદાન કરી આરાધનાને ઉલ્લાસિત બનાવેલ. પર્યુષણ પર્વ દરમ્યાન સ્થાનિક તેમજ બહારગામથી ૩૫૦ આરાધકો પધારેલ હતા.

દરરોજ સવારે પક્ષાલ પૂજા, સ્નાત્રપૂજન, ભક્તામર સ્તોત્ર વ્યાખ્યાન તેમજ રાત્રે પ્રભુ ભક્તિ કરવામાં આવેલ.

પર્વ દરમ્યાન આખા દિવસની બધી જ ધાર્મિક પ્રવૃત્તિઓ તથા ઉછામણીઓમાં સર્વે ભાગ્યશાળીઓ ખૂબજ હોંશપૂર્વક ભાગ લીધેલ.

૧) કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી લીલાવંતીબેન કેશવજી ભારણી જખૌ અને માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારણી જખૌ પરિવારે ૧૧,૧૧૧માં લીધેલ.

૨) શ્રી પ્રભુજીનું પારણું ઝૂલાવવાનું લાભ માતુશ્રી મણિબાઈ કાંતિલાલ ગોસર બારોઈ પરિવારે ૭૦૧૧માં લીધેલ.

૩) શ્રી પ્રભુજીનું પારણું ઘેર પધરાવવાનો લાભ અ.સૌ.લીનાબેન જીમિત દંડ હસ્તે માતુશ્રી કલ્પનાબેન નરેન્દ્ર મોતા, રાપર ગઢવાળી ૧૮૧૧૮ મણમાં લીધેલ.

ભાદરવા સુદ બીજના સ્વપ્નનું કુલ્લ ધૃત ૫૧૫૭૧૪ મણ થયેલ. પર્વ દરમ્યાન ૮ અઠાઈ, ૪૨ અઠમ તપ તેમજ નાની મોટી તપસ્યાઓ આરાધકોએ કરેલ. સંવત્સરીના દિવસે બરસા સૂત્ર વાંચન બાદ સકળ સંઘ સાથે સ્થાનિક જિનાલયોની ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં બધાએ ભાગ લીધેલ.

શેઠશ્રી નરશી નાથા ચેરિટેબલ ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી નરેશ ભવાનજી મોમાયા તેમજ સંઘમાંથી જયેશ હીરાચંદ નાગડા, મહેન્દ્ર મેઘજી મોતા, કીર્તિભાઈ ખેતશી ધરમશી, ગુલાબ શામજી મોતાનો સુંદર સહકાર મળેલ.

આમ દેવગુરૂ અન ધર્મની કૃપાથી શ્રી પર્યુષણ મહાપર્વ ખૂબજ રૂડી રીતે ઉજવામાં જેમાં પધારેલ દરેક ભાગ્યશાળીઓ એ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. તેઓ સૌની શ્રી નરશી નાથા ચેરિટેબલ ટ્રસ્ટ ફંડ સંચાલિત શ્રી નરશી નાથા ધર્મશાળામાં પધારેલ દરેક ભાગ્યશાળી પરિવારોનો આભાર વ્યક્ત કરેલ છે.

# ડોંબિવલી સંઘના આંગણે નવકાર મહામંત્રના ભાષ્ય જાપનો ૨૫ મો મણકો યોજાયો





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે નવકાર મહામંત્રના ભાષ્ય જાપ મણકો ૨૫મો નવકાર નિષ્ઠ શ્રી જીજ્ઞેશભાઈ નાગડા ગઢશીશા અને શ્રી ખુશાલભાઈ દેઢિયા હમલા મંજલના સંગાથે તા.૧૮ સપ્ટેમ્બર રવિવારના પ્રભુજીના વિવિધ ઔષધી યુક્ત અભિષેક સહિત જાપ તથા ૨૫૦થી વધારે આરાધકોએ નવલખા જાપના પચ્ચકખાણ લીધા.

નવકારશી સહિત જાપના લાભાર્થી તથા નવલખા જાપની કીટના સર્વે લાભાર્થી પરિવારની શ્રી સંઘ દ્વારા અનુમોદના કરાઈ હતી.

# અચલગચ્છ જૈન વોટસઅપ ગ્રુપમાં જોડાવવા આહ્‌વાન

અચલગચ્છના સાધુ સાધ્વીજી ભગવંતો, સંઘોને લગતા મેસેજ તેમના શ્રાવક શ્રાવિકાઓને નિયમિત મળે એ હેતુથી અચલગચ્છ વોટસએપ ગ્રુપ, અચલગચ્છ જૈન ગ્રુપ તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૧૭ થી શરૂ થયેલ છે. આજે એના કુલ્લ ૬૨ ગ્રુપોમાં ૧૫ હજારથી વધારે લોકો જોડાયેલા છે. આપ હજુ આ ગ્રુપમાં જોડાયા ન હો અને જોડાવવાની ઈચ્છા હોય તો આપેલ લિંક https://chat.whatsapp.com/Itw4VjAicWI2VUttt0x3bp ને ક્લિક કરી જોડાઈ શકો છો.

# શ્રી કેડીઓ મહારાષ્ટ્ર એકમ આયોજિત સ્નેહમિલન અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનો ઓનલાઈન યુટ્યૂબ વીડિયો

તા.૧૭ સપ્ટેમ્બર શનિવાર રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન મહારાષ્ટ્રના અંતરિયાળ પ્રદેશો મરાઠાવાડા, વિદર્ભ, ખાનદેશ અને પશ્ચિમ મહારાષ્ટ્રના જ્ઞાતિજનોનું સંગઠન મહારાષ્ટ્ર એકમ પ્રસ્તુત અને પુના કેડીઓ સંઘ દ્વારા કોર્ડીનેટ અને હોસ્ટ થયેલ સાંસ્કૃતિક પ્રસ્તુતિનો ૧.૪૧ કલાકનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/0OeswtzqIFY ઉપર ક્લિક કરી ઘરબેઠા જોઈ માણી શકાશે. ભારતના વિવિધ પ્રદેશની વિવિધ ભાતીગળ સંસ્કૃતિને જ્ઞાતિજનો એ અદ્‌ભૂત રીતે મંચ પર પ્રસ્તુત કરી છે જે ખરેખર દાદ આપવા લાયક છે. નાના બાળકોથી લઈ મોટેરાઓના કલા રંગ છાંટણા અદ્‌ભૂત રીતે સંકલિત કરાયા છે.

# માંડવી અચલગચ્છ જૈન સંઘના આંગણે સામુદાયિક માતૃપિતૃવંદના

કચ્છના બંદરીય માંડવી શહેરના અચલગચ્છ જૈન સંઘમાં તા.૧૩ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી માતૃપિતૃવંદનાનો કાર્યક્રમ થયો. અગણિત ઉપકાર છે એના એ કદિ વિસરશો નહીં એ સ્મૃતિ કરાવતો ત્રણ દિવસના અદ્‌ભૂત અને અનોખા કાર્યક્રમના ૩ યુટ્યૂબ વીડિયો ૧.૦૩ કલાક, ૫૮ મિનિટ અને ૧ કલાકનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/tKnNdIGBKCI, https://youtu.be/btNEDmjolCs, https://youtu.be/XPKRZz5agPg ઉપર ક્લિક કરી માણી શકાય છે. જાણવા વિચારવા અને મનનીય કાર્યક્રમ નાના મોટા સૌ માટે ઉપયોગી છે.

## સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિની વરિષ્ઠ વડીલજનો માટે ધનવંતરી યોજના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સ્વાભિમાન સમિતિ દ્વારા ભારતના તમામ કદઓ જૈન જ્ઞાતિના ૬૫ વરસ અને તેનાથી ઉપરના વડીલ વયોવૃધ્ધ સાધર્મિક લાભ લેનાર તેમજ જેમના કુટુંબની માસિક આવક રૂા.૧૫ હજાર અથવા તેનાથી ઓછી હોય તેઓને માસિક રૂા.એક હજાર હાલ એક વરસ સુધી અપાશે.

ઉંમર વધતા શરીરની રોગપ્રતિકાર શક્તિ ઘટતી જાય છે. શરીર કમજોર બનતા નિતનવી બિમારીઓ જન્મે છે અને તેનો સામનો કરવો મુશ્કેલ બને છે. રોજીંદી મોંઘવારી પણ પરિવારની આર્થિક રીતે કમર તોડી નાંખે છે. એક સાંધીએ ને તેર તૂટે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. માસિક દવાઓ માટે આર્થિક મદદ કરવા સ્વાભિમાન સમિતિ તૈયાર છે, તત્પર છે.

શરમ અને સંકોચ વગર જરૂરિયાતમંદ વડીલ જ્ઞાતિજન આ મદદ યોજનાનો લાભ લઈ શકે છે.

સમાજની દરેક યોજનાઓ જ્ઞાતિ દાતાશ્રીઓનો દાનથી જ ચાલતી હોય છે. ધનવંતરી યોજનાને મજબૂત બનાવવા તેમજ લાંબા સમય સુધી જ્ઞાતિજનોને મદદ અવિરત પણે આપી શકીએ તે માટે ઉદારદિલ દાતાશ્રીઓ સાથ પણ આવકાર્ય છે. દાતાશ્રીઓના સહયોગએ સંસ્થા, મહાજનની યશોગાથા હોય છે.

આવો, જોડાઓ જ્ઞાતિ વડીલજનોને વૃધ્ધાવસ્થામાં રાહત રૂપ બનીએ તેમની ઉંમર અવસ્થાને લીધે આવતી તકલીફોમાં તેમની ટેકણ લાકડી બનીએ. આ યોજનામાં દાન આપનાર દાતાશ્રીઓને ૮૦જી સર્ટિફિકેટનો લાભ મળી શકે છે.

આ યોજના બે મહિનાથી ચાલુ થયેલ છે અને અત્યાર સુધી ૩૨ વડીલો આ યોજનાનો લાભ લીધેલ છે અને તેમાં સંખ્યા ઉતરોતર વધે છે. વધુ માહિતી માટે સંપર્ક શ્રીમતી હેમાબાઈ ગુલાબચંદ છેડા, નલિયા-૯૮૪૪૦૪૪૪૨૮, શ્રી રાયચંદ દેવશી જીવાણી, જખૌ-૮૭૭૯૮૭૫૧૦૯ તથા શ્રી તેજપાલ લખમશી ધરમશી, લાલા-૯૮૭૦૦૭૦૦૨૭

## યવતમાલ સંઘમાં લોકનાલી તપ સમાપન પ્રસંગે સ્નાત્ર મહોત્સવ થયો





શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં લોકનાલી તપના સમાપન અવસરે સ્નાત્ર મહોત્સવનું ભવ્ય ભાવથી આયોજન થયું. અક્ષત દ્વારા ૧૪ રાજલોકની ગહુલી બનાવી ધર્મ ભાવનો અદ્‌ભૂત માહોલ બનાવાયો હતો.

## પાલીતાણા મહાતીર્થે ભક્તામર સૂત્ર પુસ્તકનું વિમોચન કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં પાલીતાણા મહાતીર્થમાં ભક્તામર સૂત્ર વિષયના પુસ્તકનું વિમોચન વરલી અચલગચ્છ સંઘ નિવાસી દાતા પરિવાર દ્વારા સંપન્ન થયેલ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ઘણા સમયથી કચ્છ વિસ્તારના ઘણા લોકો કેન્સરથી પીડિત છે અને સારવાર માટે કચ્છ બહાર જાય છે. ત્યારે ભુજની કે.કે. હોસ્પિટલમાં ટુબીમ નામનું કેન્સર સારવાર મશીન સ્થાપિત કરાયું છે. ટુબીમ રેડિયેશનનું આ ઉપકરણ ગુજરાતમાં પ્રથમ છે અને કિંમત રૂ.૨૦ કરોડછે. આ વિભાગમાં રૂ.૧૫ કરોડનું દાન મૂળ માધાપરના હાલે લંડનવાસી શામજીભાઈ શિવજી દબાસિયા, પત્ની વિજયાબેન સહિત હાલાઈ અને દબાસિયા પરિવારના નામે આપ્યું છે.

● કચ્છ જિલ્લાના પશુઓને લમ્પિસ્કિન ડિસીઝથી બચાવવા માટે ૧ લાખ ૬૦ હજાર વેક્સિનનો ડોઝ તંત્રને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ફોકીઆના સભ્ય એકમો એ સીએસઆર અંતર્ગત રૂ.૧૦ લાખ જેટલો ખર્ચ કરીને ગોટપોક્સ રસીના ડોઝ ખરીદી નાયબ પશુપાલન નિયામક ડૉ. હરેશ ઠક્કરને અપાયા હતા.

● માધાપરના પટેલ જ્ઞાતિ મંડળ પ્રેરિત અને પટેલ યુવક સંઘ સંચાલિત લમ્પિ રોગથી પીડાતી ગાયો અને નંદીની સારવાર માટે આઈસોલેટ હોસ્પિટલ ખૂલ્લી મુકી છે. યુવાનો ગામની ગાયોને રસીકરણ અને બીમાર ગાયોને દવા સારવાની ઝૂંબેશ ચલાવી રહ્યાં છે. ૨૦૦ જેટલી ગાયને ભુજ સારવાર માટે મોકલાવી પરંતુ ત્યાં જગાને અભાવે છેલ્લા દસ દિવસથી માધાપરમાં શુભમ મંડપ દ્વારા વિશાળ વોટરપ્રૂફ આઈસોલેશન વોર્ડ તૈયાર કરી જેમાં મોટા એરકૂલર મૂકી સગવડ કરી આપી છે. ૧૦ દિવસમાં ૧૦૦ થી વધુ ગાયોને આઠ ડોક્ટરોની ટીમ સારવાર આપી હતી.

● ખાવડાથી કાળા ડુંગર બાઈક રેલીથી તિરંગા યાત્રાનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૩૦૦ મીટરના તિરંગા દ્વારા દેશ ભક્તિનો માહોલ સર્જ્યો હતો. ગ્રામજનો એ રસ્તામાં પુષ્પવૃષ્ટિ કરી સ્વાગત કર્યું હતું. ગ્રામ અગ્રણીઓ સિવાય વિવિધ રાજકીય આગેવાનો, પચ્છમના શિક્ષકો, તલાટી, મંત્રીઓ, પોલીસ જવાનો, બીએસએફના જવાનો, ઉપરાંત સરકારી અધિકારીઓ સહિત ખાવડા આજુબાજુના ગામડાના સેંકડો લોકો એ રેલીમાં ભાગ લઈ સફળ બનાવી હતી. કાળા ડુંગર દત મંદિર દ્વારા ચા અને અલ્પાહાર આપવામાં આવ્યા હતા.

● કચ્છની કલાકારી જગતભરમાં વિખ્યાત છે કાચા માલના ઘટતા સ્ત્રોત અને તૈયાર માલના વેચાણ માટે મોટી સમસ્યાઓ થતી હોય એવા સંજોગોમાં પણ કચ્છ જિલ્લાની આગવી કળાને જાળવી રાખી. આ વર્ષે આધોઈના સુરેશભાઈ મગનભાઈ વણકરે વણાટ કામ માટે રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો છે. તેમણે કચ્છી ટાંગલિયા ડિઝાઈનમાં નેચરલ કલર ઈન્ડિકોમાં કોટન બાય સિલ્કમાં સાડી બનાવી જેને એવોર્ડ મળ્યો છે. સુરેશભાઈના પિતા મગનભાઈને પણ આ અગાઉ વણાટ કામ માટે રાષ્ટ્રીય મેરિટ એવોર્ડ મળ્યો છે. આ ધોઈમાં ઊન હાથ વણાટનો સૌથી મોટી ગૃહ ઉદ્યોગ છે. ભૂકંપ પહેલા અહીં ૩૦૦ હાથ શાળા ધમધમતી હતી.

● રાજગોર સમાજ માટે મસ્કા વર્ષોથી શૈક્ષણિક હબ રહ્યું છે. દાયકાઓ પહેલાં બંધાયેલા રાજગોર બાળાશ્રમમાં સ્થાનિક હાઈસ્કૂલ શિક્ષણ અને માંડવીમાં કોલેજ શિક્ષણની વ્યવસ્થાને કારણે દૂરદૂરથી જ્ઞાતિજનો ભણવા આવતા. સમય બદલાતા ઉચ્ચ શિક્ષણની માંગ વધી ભુજ અને અમદાવાદમાં ભણવાનું વધયું. સમાજના વિદ્યાર્થીઓને ભણવા માટે સગવડ માટે ભુજમાં હોસ્ટેલ સુવિધા શરૂ કરવાનો નિર્ણય રાજગોર બાળાશ્રમ અને કન્યા છાત્રાલયની મિટીંગમાં સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

● રસવંદના, રાગવંદના અને સોળ, શ્રુંગારના ચિત્રો રચી વિખ્યાત બનેલા ભુજના જાણીતા ચિત્રકાર નવીન સોની તાજેતરમાં અમેરિકાના પ્રવાસે હતા તેમણે અમેરિકાના સ્વામિ નારાયણ મંદિરનું ચિત્ર કામ કર્યું. હાલ તેમનું ચિત્ર પ્રદર્શન હ્યુસ્ટન ખાતે પ્રદર્શિત થયું. તેમની કારકિર્દી અને જીવન કવન વિશે તથા લોકો દ્વારા આર્ટને લગતા પ્રશ્નોના ઉતરો અને આર્ટ કલ્ચર પર તેમનું વકતવ્ય યોજાયું હતું. અમેરિકાનું સૌથી મોટું નેટવર્ક ૯૮.૭ મસાલા રેડિયોમાં શ્રી નવીન સોનીનો એક કલાકનો ટોક શો યોજાયો હતો. સાથે ન્યૂઝ રેડિયો ન્યુજર્સી રેડિયો સ્ટેશન હિંદી ચેનલ દ્વારા પણ તેમનો ટોક શો યોજાયો હતા. આ બહુશ્રુત કલાકારે કચ્છ ઉપરાંત અનેક સ્થળોએ પોતાના ચિત્રકામ ક્ષેત્રે સિધ્ધિ મેળવી છે અને તેમને અગાઉ પુરસ્કાર મળી ચૂક્યાં છે.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે

# RHD ઉન્નતિ લોન



## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ACBL Estd 1984
ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)